પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૭૫, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૩-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 175 PRICE :-RS. 1.50 DATE : 19-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાના કેસો વધતાં રૂપાણી સરકાર જાગી

## ૮ મહાનગરોમાં સ્કૂલો ૧૦ એપ્રિલ સુધી બંધ રાખવા સરકારનો આદેશ

ગાંધીનગર,

ગુજરાતમાં વધી રહેલા કોરોના સંક્રમણના કારણે ફરીથી લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી છે. રાજ્યના શિક્ષણ વિભાગે પણ એક મોટો નિર્ણય લીધો છે. જેમાં સરકારે સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આજે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાહેરાત કરી હતી.



એટલું જ નહીં, જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછળ ઠેલાશે. શાળા-કોલેજોની જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછી ઠેલવાનો નિર્ણય લીધો છે. માર્ચને બદલે એપ્રિલમાં પરીક્ષા લેવાશે. સરકાર હવે કોરોના સંક્રમણ ઓછું થાય પછી નવેસરથી સમય પત્રક જાહેર કરશે. ૧૦ એપ્રિલ સુધી ઓનલાઈન શિક્ષણકાર્ય બંધ રહેશે. હવે તમામ ધોરણના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવામાં આવશે. આ અંગે કોર કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યના તમામ ૮ મનપામાં પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા શિક્ષણ કાર્ય કાલથી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જ પ્રમાણે શાળાઓમાં રાજ્યના ૮ મહાનગરોમાં તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.માં આવતીકાલેથી શિક્ષણ કાર્ય બંધ રખાશે. એજ પ્રમાણે શાળાઓમાં રાજ્યના ૮ મહાનગરો માં તમામ પ્રાથમિક માધ્યમિક ઉ.માં ઓનલાઈન શિક્ષણ આપવામાં આવશે.

પરંતુ ૮ મહાગરપાલાકા સિવાય તમામ વિસ્તારોમાં માધ્યમિક ,ઉચ્ચતર માદ્યમક શાળામા સ્વૈચ્છિક રીતે આવવા માંગનાર વિદ્યાર્થી માટે ઓફલાઈન શિક્ષણ ચાલશે. અને પરીક્ષા ઓફલાઈન ચાલુ રહેશે. આમ, ૮ મહાનગરપાલિકા સિવાયના વિસ્તારોમા વિદ્યાર્થીઓને વિકલ્પ અપાયો છે. ૮ મહાનગરોને બાદ કરતા નાના શહેરોમાં પરીક્ષા યથાવત રહેશે.

ગત વર્ષે સ્કૂલ-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ૧૬ માર્ચથી બંધ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીથી ફેબ્રુઆરી દરમિયાન તબક્કાવાર ધોરણ ૬થી ૧૨ની સ્કૂલો અને કોલેજો ખોલવામાં આવી હતી, પરંતુ એક વર્ષમાં જ કોરોનીની સ્થિતિ ત્યાંની ત્યાં જ આવી જતાં ૧૮ માર્ચે ચાર મહાનગરોમાં ફરી સ્કૂલ-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## રાજ્યમાં લોકડાઉન નહીં લાગે, રસીકરણ વધારીશું: મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર,

રાજ્યમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસો સતત અને ઝડપથી વધી રહ્યા છે, ત્યારે રાજ્યમાં લોકડાઉન આવશે કેમ તે અંગે સીએમ રુપાણી દ્વારા મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે. આજે ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં રુપાણીએ જણાવ્યું હતુ કે રાજ્યમાં લોકડાઉન નહીં આવે. હોળીની ઉજવણી થવા દેવી કે કેમ તે અંગે પણ સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું.



રુપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦માં ગુજરાતે કોરોના સામે મોટો જંગ ખેલ્યો હતો. જોકે, ફેબ્રુઆરીમાં સમગ્ર દેશની સાથે રાજ્યમાં પણ કેસોમાં મોટો ઘટાડો થતાં લોકો એક પ્રકારે બેફિકર થઈ ગયા હતા અને કોરોનાને હળવાશથી લેવા લાગ્યા હતા. જેના કારણે નિયમોનું ચૂસ્તતાથી પાલન નહોતું થયું. જેના કારણે એક સમયે રાજ્યમાં રોજના કેસો ૩૦૦થી નીચે જતાં રહ્યાં હતાં તે હવે ૧૧૫૦ની આસપાસ આવી ગયા છે.

રસીકરણ અંગે તેમણે જણાવ્યું કે, દૈનિક ૩ લાખ લોકોનું રસીકરણ થાય તેવી સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત દરરોજ ૭ હજાર ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે. કોરોના દર્દીઓનું ટ્રેસિંગ અને ટેસ્ટિંગ કરાશે. દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ સક્રિય રીતે કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ તેમણે લોકોના સોશિયલ ડિસ્ટેંસ જાળવવાની અપીલ પણ કરી છે.

રુપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે ફરી કોરોના હોસ્પિટલોને કાર્યરત કરવાની તૈયારી કરી છે. આ ઉપરાંત, કોરોનાનો જેને ચેપ લાગ્યો છે તેમના સંપર્કમાં આવેલા લોકોને શોધવાની સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સીએમે જણાવ્યું હતું કે, કોરોનાની ટ્રીટમેન્ટ માટે અગાઉ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં અગાઉ જે વ્યવસ્થા હતી તે જ ફરી ઉભી કરાઈ રહી છે. કેસના વધારાના પ્રમાણમાં છ ગણા બેડની વ્યવસ્થા કરી દેવાઈ છે, જેથી બેડની શોર્ટેજ ના સર્જાય.

ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યુનું ચૂસ્ત પાલન કરવામાં આવશે તેમ કહેતા રુપાણીએ જણાવ્યું હતુ કે માસ્કનો નિયમ પણ કડકાઈથી અમલી કરાવવામાં આવશે, અને કોઈપણ જગ્યાએ ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. લોકડાઉન અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં આપણે આ સ્થિતિનો સામનો કરી ચૂક્યા છીએ અને તે વખતે પણ લોકડાઉન નહોતું કરવામાં આવ્યું, જેથી હાલ લોકડાઉનનો ભય રાખવાની જરુર નથી.

## ગાંધીનગરમાં પણ LICના કર્મચારીઓ ખાનગીકરણ મુદ્દે હડતાળમાં જોડાયા

ગાંધીનગર,

કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિક કાનુનમાં સુધારાના નામે જે નીતિઓ ઘડવામાં આવી રહી છે. તેનો સમગ્ર દેશમાં કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે અને અવાર નવાર આ નીતિઓમાં સુધારા માટે રજૂઆતો કરવા છતાં તે અંગે નિર્ણય લેવામાં નહીં આવતાં યુનિયન દ્વારા આજે તા.૧૮ માર્ચના રોજ હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ગાંધીનગર વીમા કર્મચારીઓએ પણ કામગીરીથી અળગા રહી 'હક હમારા લેકે રહેંગે, ફાઈનાન્સ મિનિસ્ટર હોશ મેં આવો' જેવા સુત્રોચાર કરી વિરોધ વ્યક્ત કરી એલઆઈસીનાં ખાનગીકરણ તેમજ આઈપીઓ રદ કરવાની માંગણી કરાઈ હતી.

શ્રમિક કાનુનમાં સુધારાના નામે કર્મચારીઓના હક્ક છિનવવાની નીતિ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવી રહી છે. જેનો કર્મચારી સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે એલઆઈસી એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા આજે હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું. સરકાર વીમા ક્ષેત્રમાં વિદેશી મુડી નિવેશની સીમા ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરશે અને વીમા ક્ષેત્રમાં કેટલાક સુરક્ષાત્મક પ્રાવધાનો સાથે વિદેશી સ્વામીત્વ માટે અનુમતિ પ્રદાન કરશે તો બે જાહેર ક્ષેત્રની બેક્રો સાથે એક સામાન્ય વીમાની કંપનીનું પણ ખાનગીકરણ કરશે ઉપરાંત એલઆઈસીનો આઈપીઓ લાવનાર છે એ હેતુ માટે નાણાં વિધેયકમાં LIC એક્ટમાં પણ આવશ્યક સંશોધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## સુરતમાં સાંજે ૭ વાગ્યા બાદ પાનના ગલ્લા,ચાની લારી બંધ રહેશે

સુરત,

કોરોના કેસોમાં વધારો થતાં સુરતમાં મનપા દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. સુરતમાં સાંજે ૭ વાગ્યાથી પાનના ગલ્લા,ચાની લારી બંધ કરાવાશે. સ્ટ્રીટ વેન્ડરોને પણ સાંજે ૭ વાગ્યે પાટીયા પાડી દેવા માટે સૂચના આપવામાં આવી છે. રાત્રે ૧૦ વાગ્યાથી સુરતમાં રાત્રિ કર્ફ્યૂનો અમલ કરાવવામાં આવશે. ૯ વાગ્યાથી ખાણી-પીણી લારી, રેસ્ટોરન્ટ બંધ કરવા આદેશ કરાયો છે. તો ભીડ થાય તો શાકભાજી માર્કેટ બંધ કરાવી દેવા આદેશ કરાયો છે.

સુરતમાં કોરોના સંક્રમણથી ચિંતા વધી ગઈ છે. સુરતમાં બીઆરટીએસ-સીટી બસ સેવા બંધ કરવામાં આવી છે. આ ઉપરાંત સુરતમાં થિયેટર, સિનેમા હોલ બંધ કરી દેવાયા છે. તો ગેમ ઝોન, સ્પોર્ટસ ક્લબ, જીમ બંધ રહેશે. એટલું જ નહીં પણ સુરતમાં હોટલના બેક્વેટ હોલ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ બંધની અસર હજારો લોકોને પડશે. અને વેપાર-ધંધા ફરીથી પડી ભાંગશે.

## એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા દૂર કરાશે: ગડકરી

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં મોટી જાહેરાત કરી છે. નીતિન ગડકરીએ જાહેરાત કરતા કહ્યું છે કે સરકાર આગામી એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા ખતમ કરવાની યોજના પર કામ કરી રહી છે. આવનાર સમયમાં ટેક્નોલોજીની મદદથી લોકોએ એટલો જ ટોલ ચૂકવવો પડશે જેટલું તેઓ હાઈવે પર મુસાફરી કરશે. અમરોહાથી બસપા સાંસદ કુંવર ડેનિશ અલીએ



ગાઢ મુક્તેશ્વર પાસેના રસ્તા પર નગર નિગમની સરહદ પાસે ટોલ પ્લાઝા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

આ સવાલનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે ગત સરકારે માર્ગ પરિયોજનાઓ ઠેકાઓમાં થોડી વધુ મલાઈ ખાવા માટે આવા અનેક ટોલ પ્લાઝા બનાવતી ગઈ છે. જે નગર સીમા પર છે. તે ચોક્કસ ખોટું છે અને અન્યાયી છે.

નીતિન ગડકરીએ કહ્યું કે હવે જો આ ટોલ પ્લાઝા હટાવવા જઈશું તો રોડ રસ્તો બનાવનાર કંપની વળતર માંગશે. પરંતુ, સરકારે આગામી એક વર્ષમાં દેશમાંથી તમામ ટોલ ખતમ કરી દેવાની યોજના બનાવી છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ટોલ ખતમ કરવાનો અર્થ ટોલ પ્લાઝા ખતમ કરવાનો છે. હવે સરકાર એવી ટેક્નોલોજી પર કામ કરી રહી છે જેમાં તમે હાઈવે પર જ્યાંથી પણ ચઢશો, ત્યાંથી જ તમારા જીપીએસની મદદથી કેમેરા તમારો ફોટો પાડશે અને જ્યાંથી પણ તમે હાઈવે પર થી ઉતારશો ત્યાંનો ફોટો પાડશે અને આટલા અંતરનો જ ટોલ આપવો પડશે.

ઉલ્લેખનીય છે કે ટોલ પ્લાઝાને કારણે સતત લાગતા ટ્રાફિક જામ અને મુસાફરોને થતી હેરાનગતિનો મુદ્દો પણ ઘણા લાંબા સમયથી ઉઠતો આવ્યો છે, હાલ કેન્દ્ર સરકાર તમામ નેશનલ હાઈવે પર ફાસ્ટેગની સુવિધા લાગુ કરવામાં આવી છે. જેના કારણે ઓટોમેટિક રીતેલાઈનમાં ઉભા રહ્યા વગર ટોલ ભરીને ટોલપ્લાઝા પરથી પસાર થઈ શકાય છે.

## ગંભીરતાથી નહિ લેવામાં આવે તો કોરોના સીઝનલ બીમારી બની જશે: UN

યુએન,

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં કોરોનાવાયરસ મહામારીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે અને વિદેશમાં તો બીજી લહેર અત્યંત ઘાતક નીવડી છે ત્યારે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ ને એવી ચેતવણી આપવામાં આવી છે કે જો ગંભીરતાથી લક્ષ્ય આપવામાં ન આવે તો આ બીમારી સીઝનલ પણ બની શકે છે.



યુનોના નિષ્ણાંતોએ એમ કહ્યું છે કે જો આ મહામારી લાંબી ચાલશે તો ભયંકર પરિણામ આવી શકે છે અને તે સીઝનલ બીમારી પણ બની શકે છે અને કાયમ વિશ્વ આખાને પડકારી શકે છે. રિપોર્ટમાં એવી હકીકત રજુ કરવામાં આવી છે કે ચીનમાં પ્રથમવાર કોરોનાવાયરસ સામે આવ્યા બાદ એક વર્ષના ગાળા પછી અનેક રહસ્યો એ આ બીમારીને ઘેરી લીધી છે. અત્યાર સુધી કોરોનાવાયરસ ને લીધે દુનિયાભરમાં ૨૦.૭ લાખ લોકો ના મૃત્યુ થઈ ગયા છે અને બીજી બાજુ દુનિયાભરમાં રસી પણ આપવામાં આવી રહી છે આમ છતાં કોરોનાવાયરસ નો ખતરો સતત દુનિયાભરમાં વધી રહ્યો છે તે ચિંતાની બાબત છે.

આ પ્રકારની સ્થિતિ એવી શંકા પેદા કરી રહી છે કે જો આ મહામારી સીઝન વાયરસ માં પરાવર્તિત થઈ જાય તો દરેક બદલતી મોસમમાં લોકોએ તેની સામે લડતા રહેવું પડશે અને દુનિયા આખી સામે એક ભયંકર પડકાર કાયમી ધોરણે માથા પર ઝળુંબતો રહેશે.

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ હવામાન સંગઠન દ્વારા રચવામાં આવેલી ક્રાંતિને ટીમ દ્વારા ખાસ પ્રકાર નું સંશોધન કરવામાં આવ્યું છે અને હવામાં વિજ્ઞાન તેમજ વાયુ ગુણવત્તા ની અસર આ અંગે તપાસ કરવામાં આવી છે અને આ અભ્યાસ દરમિયાન એવો સંકેત મળ્યો છે કે કોરોનાવાયરસ મહામારી સીઝનલ વાયરસ તરીકે પરાવર્તિત થઈ શકે છે અને તે જોખમ બનેલું છે.

## પશ્ચિમ બંગાળમાં ભાજપ સાંસદના ઘર પાસે ક્રૂડ બોમ્બથી હુમલો: ત્રણ ઘાયલ

કલકત્તા,

બંગાળમાં ચૂંટણી પ્રચારની સાથે જ સતત હિંસાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ઉત્તરી ૨૪ પરગણાના જગદલ ખાતે ક્રુડ બોમ્બ વડે હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૩ લોકો ઘાયલ થયા છે. હુમલો થયો તે સ્થળ ભાજપના સાંસદ અર્જુન સિંહના ઘરથી સાવ નજીક આવેલું છે જેથી ભાજપ ચૂંટણી પંચ સમક્ષ આ હુમલાની ફરિયાદ કરશે.

બૈરકપુરથી ભાજપના સાંસદ અર્જુન સિંહે જણાવ્યું કે, ૩ લોકોએ તેમના સાથીદારો સાથે મળીને આશરે ૧૫ સ્થળોએ બોમ્બ ફેંક્યા હતા અને પોલીસ દ્વારા લગાવવામાં સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા હતા. પોલીસ અધિકારી એસીપી એપી ચૌધરીએ આ હુમલામાં એક બાળક સહિત ૩ લોકો ઘાયલ થયા હોવાની માહિતી આપી હતી.

ભાજપના નેતા કૈલાશ વિજયવર્ગીયે આ હુમલાના અનુસંધાને ટીએમસી 'હિંસાના રાજકારણનો પર્યાય' છે તે અર્થનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, આચારસંહિતા લાગુ થયા બાદ પણ ગુંડાઓ દ્વારા બોમ્બમારો અને ગોળીઓનો વરસાદ ચાલુ છે. ચૂંટણી પંચે આ ઘટનાને ચેતવણી તરીકે લેવી જોઈએ નહીં તો મતદાન શાંતિપૂર્ણ રીતે થશે કે નહીં તે પણ શંકા છે.

## અફઘાનિસ્તાનમાં સ્પેશિયલ ફોર્સનું હેલિકોપ્ટર ક્રેશ, ૯ લોકોનાં મોત

કાબૂલ,

અફઘાનિસ્તાનના બેહસુદ જિલ્લામાં મોટો અકસ્માત સર્જાયો છે. અહીં મેદાન વરદાક પ્રાંતમાં અફઘાન સ્પેશિયલ ફોર્સિસનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું, જેમાં ૯ લોકોનાં મોત નીપજ્યાં છે. મળતી માહિતી મુજબ, હેલિકોપ્ટર ક્રેશ લેન્ડિંગ કર્યુ હતું. સ્થાનિક મીડિયા વેબસાઈટએ સૂત્રોના હવાલેથી આ વિશે માહિતી આપી છે. દેશના સંરક્ષણ મંત્રાલયે એક ન્યૂઝલેટરમાં પુષ્ટિ આપી છે કે ૧૭ માર્ચની રાત્રે બેહસુદ જિલ્લાના મેદાન વરદાક પ્રાંતમાં એરફોર્સનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે. જેના કારણે ૯ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ક્રૂના ચાર સભ્યો અને પાંચ મૃતકોમાં સુરક્ષા દળો છે.

આ સિવાય અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર એક બસ પર હુમલો કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે. આ અકસ્માતમાં ૧૧ થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. સરકારી કર્મચારીઓ બસમાં સવાર હતા, ત્યારે અચાનક હુમલો થયો. આ ઘટના ગુરુવારે સવારની છે. પોલીસે આ કેસ અંગે માહિતી આપી છે. આ ઘટના સવારે ૦૭.૨૦ મિનિટની આસપાસ સર-એ-કોટલ વિસ્તારમાં બની હતી. જે કાબુલ જિલ્લા ૧૭ માં સ્થિત છે.

સૂત્રોનું કહેવું છે કે સંચાર અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના કર્મચારીઓ બસમાં સવાર હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. કોઈ પણ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી. સોમવારે બપોરે બે મંત્રાલયોના કર્મચારીઓવાળી બસને નિશાન બનાવવામાં આવી હતી. જેમાં ચાર મહિલાઓ સહિત પાંચ નાગરિકો માર્યા ગયા હતા. આમાંની એક મહિલા ગર્ભવતી પણ હતી. અધિકારીના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અન્ય ૧૩ લોકો ઘાયલ થયા છે.






# મહીસાગર જિલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયત પર ભાજપની સત્તા










તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટી બિનહરીફ થઈ છે.મહીસાગર જીલ્લા પંચાયતમાં ફરી એકવાર ભાજપે સત્તા મેળવી છે. મહીસાગર પંચાયતના પ્રમુખ અને ઉપ્રમુખના નામની જાહેરાત કરાઈ છે. જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રમીલાબેન કલ્પેશભાઈ ડામોરની વરણી કરવામાં આવી હતી. મહીસાગર જિલ્લા પંચાયતની કુલ ૨૮ સીટ પૈકીની ૨૨ સીટ પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો હતો. તે જ સમયે નિશ્ચિત હતું કે, ભારતીય જનતા પાર્ટી ફરી જિલ્લા પંચાયતની સત્તાનું શુકાન બિનહરીફ સંભાળશે. જયારે તાલુકા પંચાયત તમામ ભાજપનો ભગવો લહેરાયો છે.

મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રમીલાબેન કલ્પેશભાઈ ડામોરની વરણી કરવામાં આવી છે.ઉપપ્રમુખ તરીકે રમતુભાઇ ઉદેસિંહ બારિયાની વરણી કરવામાં આવી છે. મહીસાગર જિલ્લા પંચાયતના તમામ સભ્યો અને કાર્યકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યકરોએ જિલ્લા પંચાયતેથી સરઘસ યોજ્યુ હતું. તમામ સમર્થકોએ પ્રમુખ અને ઉપપ્રમુખનું સ્વાગત કર્યું હતું. મહીસાગર જિલ્લા મહામંત્રી પ્રદીપસિંહ રાઠોડે તેમજ લુણાવાડા તાલુકાના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક તેમજ સંતરામપુર તાલુકાના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા. મહિસાગર જીલ્લામાં પણ ભાજપે સારું પ્રદર્શન કર્યું હતું.

**- પ્રમુખ તરીકે રમીલાબેન કલ્પેશભાઈ ડામોરની વરણી.**
**- ઉપપ્રમુખ તરીકે રમતુભાઇ ઉદેસિંહ બારિયાની વરણી.**
**- ઠેરઠેર સમર્થકોએ પ્રમુખ અને ઉપપ્રમુખનું સ્વાગત કર્યું.**

અત્રે નોંધનીય છે કે, મહિસાગર જીલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતની ચુંટણીમાં ભાજપે બહુમતી મેળવી હતી. મહિસાગર જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખપદ માટે ચુંટણી યોજી પ્રમુખ અને ઉપપ્રમુખ જાહેર થયા હતા. મહિસાગર જીલ્લા પંચાયતમાં ભાજપ દ્વારા બહુમતી બતાવી પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી બિનહરીફ કરી હતી. ત્યારે મહિસાગર જીલ્લાની ૬ તાલુકા પંચાયતમાં પણ ભાજપના ઉમેદવારો જીતી આવતા પ્રમુખ અને ઉપપ્રમુખ બની આવ્યા હતા.

મહિસાગર જીલ્લા પ્રમુખ તરીકે રમીલાબેન ડામોર અને ઉપપ્રમુખ તરીકે રમતુસિંહ બારૈયાની જાહેરાત થઈ છે. મહિસાગર જીલ્લામાં ભાજપની સત્તા લાવવા માટે દશરથભાઈ બારીયા જેવો મહિસાગર જીલ્લાના ભાજપના પ્રમુખ છે અને તેમના વ્હારે જીતનો શહેરો સજાવ્યો હતો.

## તાલુકા પંચાયત પર ભાજપનો ભગવો લહેરાયો

મહિસાગર જીલ્લાની ૬ તાલુકા પંચાયત પર ભાજપે પોતાનું શાસન સ્થાપિત કર્યું હતું. ત્યારે જીલ્લાના ૬ તાલુકામાં ભાજપના ઉમેદવારોની જીત થતા આજે ૬ તાલુકાના ઉમેદવારો દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી કરાઈ હતી. તાલુકા પંચાયતના ૬ તાલુકાના લીસ્ટ નીચે મુજબ છે. અને ભાજપના મેન્ડેટ આધારે ઉમેદવારો વિજેતા જાહેર થયા હતા.

**: લુણાવાડા તાલુકા પંચાયત :**
પ્રમુખ :- જયંતિકાબેન પટેલ
ઉપપ્રમુખ :- ભાવનાબેન બારીયા

**: ખાનપુરા તાલુકા પંચાયત :**
પ્રમુખ : ઉમેશભાઈ પટેલ
ઉપપ્રમુખ : સવિતાબેન ડામોર

**: સંતરામપુર તાલુકા પંચાયત :**
પ્રમુખ :- શારદાબેન પટેલીયા
ઉપપ્રમુખ :- ભારતભાઈ ખાંટ

**: બાલાસીનોર તાલુકા પંચાયત :**
પ્રમુખ :- વર્ષાબેન ચૌહાણ
ઉપપ્રમુખ :- રંગીતસિંહ સોલંકી

**: કડાણા તાલુકા પંચાયત :**
પ્રમુખ :- કમલેશભાઈ પાદરીયા
ઉપપ્રમુખ :- પ્રગ્નેશભાઈ ડીંડોર

**: વિરપુર તાલુકા પંચાયત :**
પ્રમુખ :- દિપકભાઈ તલવાર
ઉપપ્રમુખ :- વિજયાબેન બારૈયા

## મહીસાગરમાં વધુ ૧૦ પોઝિટિવ કેસ :
## જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૭૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાના ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીી અને ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રીુ, ૦૧ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૭૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લા માં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ તથા વિરપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.આમ, જિલ્લાલમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૮૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૪૦૦૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી લીલાવતી હોસ્પિટલ, ૨૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૭ દર્દીઓ સ્ટેબલ અને ૧૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

## બાલાસિનોરના ગધાવાડા બોરીડુંગરી પીકઅપ સ્ટેન્ડ નજીક રસ્તામાં નીલગાય આવી જતાં બાઈક સવારનું મોત

લુણાવાડા, મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ગધાવાડા બોરીડુંગરી પીકઅપ સ્ટેન્ડ નજીક રસ્તામાં અચાનક નીલગાય આવી જતાં મોટરસાયકલની બ્રેક મારતા મોટર સાયકલ સવારનુ કમકમાટીભર્યુ મોત નીપજયું હતુ.

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ડબગરવાસ, તારણશહિદ રોડ ઉપર રહેતા મોહંમદ જમીલ અહેમદ મો.હનીફ શેખ તથા મણીલાલ આતમસિંહ ઝાલા બાલાસિનોરથી આવી રહ્યા હતા ત્યારે ગધાવાડા બોરીડુંગરી પીકઅપ સટેન્ડ પાસે રસ્તામાં અચાનક નીલગાય આવી જતાં મોટરસાયકલની બ્રેક મારતા મણીલાલ આતમસિંહ ઝાલા રોડ ઉપર પટકાઈ જતાં તેમને માથામાં ઈજાઓ પહોંચી હતી. જેથી તેમનુ કમકમાટીભર્યુ મોત નીપજયું હતુ. બનાવની જાણ મો.જમીલ અહેમદ મો.હનીફ શેખે બાલાસિનોર પોલીસમાં નોંધાવતા પોલીસે અકસ્માતે મોત અન્વયે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## લુણાવાડાના નાના ડોકવા ગામે દુધ મંડળીના સેક્રેટરી દ્વારા ૪.૨૧ લાખની ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાઈ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના નાના ડોકવા ગામની ડેરીના સેક્રેટરી દ્વારા વર્ષ-૨૦૧૮/૧૯ દરમિયાન ૪.૨૧ લાખની ઉચાપત કરતા તેમની વિરુદ્ધ મદદનીશ સહકારી અધિકારીએ ઉચાપતની ફરિયાદ દાખલ કરતા લુણાવાડા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

લુણાવાડા તાલુકાના નાના ડોકવા ગામમાં રહેતા હાથીભાઈ ભગવાનભાઈ પટેલિયા નાના ડોકવા ગામમાં આવેલ નાનાડોકવા દુધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરી હોઈ અને તેમને સને ૨૦૧૮ તથા સને ૨૦૧૯ના વર્ષ દરમિયાન રૂ.૪.૨૧ લાખ ની ઉચાપત કરી હતી. આ બાબતની ફરિયાદ મદદનીશ સહકારી અધિકારી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી જગદિશકુમાર બાબરભાઈ ચૌહાણએ લુણાવાડા પોલીસ મથકે કરતા પોલીસે આરોપી હાથીભાઈ ભગવાનભાઈ પટેલિયા(રહે. નાના ડોકવા)સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## મોરવા(હ)ના ખાબડા ગામેથી ૮૦ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે વણઝારા ફળીયામાં રહેતા ઈસમ પોતાના ઘરની આજુબાજુમાં આવેલ ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ઈંગ્લીશ દારૂ કિંમત ૮૦,૪૦૦/ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે વણઝારા ફળીયામાં રહેતા કરણસિંહ અમરસિંહ વણઝારાના માલિકીના રહેણાંક મકાનની બાજુમાં આવેલ ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઘરમાંથી બીયર ટીન નંગ-૨૪૦, કાચના કવાટરીયા નંગ-૫ મળી ૮૦,૪૦૦/-રૂપીયાનો મુદ્દામાલ સાથે કરણ વણઝારા ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે રાહુલ અમરસિંહ વણઝારા વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના ઓરવાડા ગામે રાત્રે ટેમ્પાને ખાનગી બસે ટકકર મારતાં એક વ્યકિતનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના ઓરવાડા ગામ પાસે થી ડી.જે.નો ટેમ્પો લઈને પસાર થઈ રહ્યા હતા. ટેમ્પો બગડી જતાં ટેમ્પો સાઈડમાં ઉભો રાખેલ હતો. ત્યારે ખાનગી બસના ચાલકે ટેમ્પાને ટકકર મારતાં ટેમ્પો પાસે ઉભેલ વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના સાલીયા ગામે રહેતા ચંદ્રકાંત વણકર અને વિજય વણકર ડી.જે.નો ધંધો કરતા હોય લગ્નમાં ઓર્ડર હોય જેથી કાળી ડુંગરી ગામે ડી.જે. લઈને ગયા હતા. જયાંથી રાત્રીના સમયે ડી.જે.ના ટેમ્પો લઈને ઓરવાડા ગામ નજીક પાનમ બ્રીજ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન ટેમ્પો બગડી જતાં રોડ સાઈડમાં ઉભો રાખ્યો હતો. દરમ્યાન ગોધરા તરફ થી આવતી ખાનગી બસના ચાલકે ટેમ્પોને ટકકર મારી હતી. જેને લઈ ચંદ્રકાંત વણકરને ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જયારે ત્રણ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બસનો ચાલક વાહન સ્થળ ઉપર મૂકી નાશી છુટતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૯-૦૩-૨૦૨૧, શુક્રવાર, ફાગણ સુદ-૬, સૂર્યોદય-૬-૨૭, સૂર્યાસ્ત-૬-૩૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## ૭૦ જિલ્લામાં દર્દીઓની સંખ્યામાં ૧૫૦ ટકાનો વધારો, રાજ્યોને ટેસ્ટિંગ વધારવા નિર્દેશ
# દેશમાં કોરોનાએ ગતિ પકડી: ૨૪ કલાકમાં ૩૫ હજાર પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી, દેશમાં કોરોના વાઈરસની સ્થિતિ ધીમે-ધીમે બગડી રહી છે. દેશમાં આ વર્ષે પહેલીવાર કોરોના વાઈરસના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. દેશમાં આજે પહેલીવાર કોરોનાના ૩૫ હજારથી વધારે કેસ નોંધાયા છે. આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૮૭૧ નવા કેસો સામે આવ્યા છે. આ દરમિયાન દેશમાં ૧૭૨ લોકોના મોત થયાં છે. આ સાથે દેશમાં કોરોનાનો આંકડો વધીને ૧.૧૪ કરોડને પાર થયો છે.

આરોગ્ય વિભાગના આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોના સંક્રમણના અત્યાર સુધીમાં કુલ ૧,૧૪,૭૪,૬૦૫ કેસ સામે આવી ચુક્યાં છે. જોકે તેમાં ૧,૧૦,૬૩,૦૨૫ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો પણ સતત વધી રહ્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો વધીને ૨,૫૨,૩૬૪ થયાં છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧,૫૯,૨૧૬ લોકોના મોત થઈ ચુક્યાં છે.



દેશમાં ફરી એકવાર કોરોનાના એક્ટિવ કેસ વધીને અઢી લાખને પાર થઈ ચુક્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૭,૯૫૮ એક્ટિવ કેસ વધ્યા છે. તેનાથી એક્ટિવ કેસનો દર વધીને ૨.૨૦% થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૭૪૧ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. તેનાથી રિકવરી રેટ વધીને ૯૬.૪૧% થયો છે. ભારતમાં કોરોના મૃત્યું દર હાલ ૧.૩૯% થયો છે.

કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે ફરી એકવાર અનેક રાજ્યોમાં સખ્તી લાગૂ કરવામાં આવી રહી છે. ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોના મોટા શહેરોમાં રાત્રિ કરફ્યૂ લગાવવા જેવા સખ્ત પગલાં ભરવાં પડ્યાં છે. ગુજરાતના ચાર મહાનગરોમાં રાત્રીના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યૂ લગાવવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રની સ્થિતિ હજુ પણ સૌથી ખરાબ છે. અહીં કુલ કેસમાંથી ૬૪% કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૨૩,૧૭૯ નવા કેસ નોંધાયા છે. અહીં ૬ મહિના પછી આટલા બધા કેસ એક જ દિવસમાં નોંધાયા છે. આ પહેલા ૧૭ સપ્ટેમ્બરે રાજ્યમાં ૨૪,૬૧૯ કેસ નોંધાયા હતા, મહારાષ્ટ્રમાં મંગળવારની સરખામણીમાં બુધવારે ૩૦% વધુ કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ કેસનો આંકડો ૨૩,૭૦,૫૦૭ પર પહોંચ્યો છે. ૧થી ૧૭ માર્ચ દરમિયાન ૪ વખત જૂના કેસોના રેકોર્ડ તૂટ્યા છે.

દેશમાં કુલ ૩,૭૧,૪૩,૨૫૫ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી ચૂકી છે. ભારતમાં ૧ માર્ચ, ૨૦૨૧થી કોરોના વેકસીનેશન અભિયાન રાઉન્ડ-૨ની શરૂઆત થઈ હતી. જે હેઠળ ૬૦ વર્ષની ઉપરના અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો જે કોઈ ગંભીર બિમારીથી પીડિતછે તેમનુ રસીકરણ કરવામા આવી રહ્યુ છે. આ પહેલા દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી કોરોના રસીકરણ અભિયાનના પહેલા રાઉન્ડની શરૂઆત થઈ હતી. જેમાં હેલ્થ વર્કર્સ અને ફ્રંટલાઈન વર્કર્સને રસી આપવામાં આવી હતી.

## મહારાષ્ટ્રમાં કોરોના સંકટ, એક જ દિવસમાં ૨૩ હજારથી વધુ કેસ નોંધાયા

મુંબઈ, મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ બેકાબૂ બન્યો છે, ત્યાં સંક્રમિત લોકોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૩,૧૭૯ નવા કેસ સામે આવ્યા, જે આ વર્ષમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમણના કુલ કેસ વધીને ૨૩,૭૦,૫૦૭ સુધી પહોંચી ગયા છે. ઉપરાંત ૮૪ લોકોનાં મોત નિપજ્યાં છે, જેની સાથે રાજ્યમાં મહામારીને લીધે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૫૩,૦૮૦ થઈ ગઈ છે. મુંબઈની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૭૭ કોરોનાના કેસ નોંધાયા અને ૮ લોકોનાં મોત નિપજ્યાં છે.

આ દરમિયાન પાલઘર જિલ્લામાં એક આશ્રમ વિદ્યાલયના ૩૦ વિદ્યાર્થી અને એક શિક્ષક કોરોના સંક્રમિત મળ્યા છે. આ અઠવાડિયે બે વિદ્યાર્થીઓમાં લક્ષણ દેખાયા બાદ આ કેસ સામે આવ્યા છે. વિદ્યાલયમાં ૧૯૩ વિદ્યાર્થીઓમાંથી મંગળવારે ૩૦ વિદ્યાર્થીઓ આ વાયરસથી સંક્રમિત મળ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર સંક્રમિત બાળકો અને શિક્ષકની જિલ્લામાં કોવિડ-૧૯ કેન્દ્રમાં સારવાર ચાલી રહી છે.

## દૈનિક રાશીફળ

તા.૧૯.૦૩.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- આપના પ્રયત્નો એળે ન જાય તે જોજો. ધીરજનાં ફળ મીઠા મળતાં લાગે.સંતાનસુખ મળે.
વૃષભ (બ.વ.ઉ.) :- વાવ-વિવાદ ટાળજો. આપની મૂંઝવણ વધતી લાગે. સફળતા આખરે જરૂર મળતી જણાય.
મિથુન (ક.છ.ઘ.) :- નાણાકીય પ્રશ્નોની ચિંતા રહે. ધાર્યું ન થતાં ચિંતા નિરાશા જણાય. કૌટુંબિક કામ સફળ થાય.
કર્ક (ડ.હ.) :- કૌટુંબિક કામકાજમાં સફળતા મળે. અગત્યના કામમાં આગળ વધી શકશો.
સિંહ (મ.ટ.) :- અંગત પ્રશ્નોની ચિતા રહે. ખર્ચ-ખરીદી જણાય. મહત્ત્વના કામ સફળ થતાં લાગે.
કન્યા (પ.ઠ.ણ.) :- વ્યાવસાયિક તેમજ અન્ય મહત્ત્વના પ્રશ્નો ઉકેલવાની તક મળે. મિલન-મુલાકાતીથી આનંદ રહે.
તુલા (ર.ત.) :- લાભથી આશા ઠગારી નીવડે. કૌટુંબિક કામ સફળ થાય. પ્રવાસ અંગે ખર્ચ-વ્યય રહે.
વૃશ્ચિક (ન.ય.) :- મનની મુરાદ મનમાં રહે. વાદ-વિવાદ ટાળજો, કૌટુંબિક પ્રશ્નોની મૂંઝવણ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- પ્રતિકૂળતામાંથી માર્ગ મેળવી શકશો. નિરાશા દુર થાય. અગત્યનું કાન બનતું જણાય.
મકર (ખ.જ.) :- લાભની તક મળે તે ઝડપી લેજો. આરોગ્ય અંગે તકેદારી લેજો. ગૃહવિવાદનો ઉકેલ મળે.
કુંભ (ગ.શ.સ.) :- આર્થિક પ્રશ્નોથીં ચિતા રહે. સંપત્તિના કામ અંગે પ્રતિકુળ રહે. મિલન-મુલાકાતથી લાભ મળે.
મીન (દ.ચ.ઝ.) :- ધાર્યું કાર્ય અંગે અડચણ રહે. મહત્ત્વની મુલાકાતથી આનંદ. સ્નેહી-સ્વજનનો સહકાર રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની વરણી

સંજેલી,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રજાએ ભાજપની ફેવરમાં મતદાન કરીને સત્તાનું સુકાન સોંપ્યું હતું. સંજેલી તાલુકામાં ૧૬ બેઠકો પર ચૂંટણી યોજાય હતી. જેમાં ૧૨ બેઠકો ભાજપે કબજે કરી હતી. ૪ બેઠકો કોંગ્રેસ ફાળે ગઈ હતી. કોંગ્રેસ સત્તાથી વિમુખ રહેવાનો વારો પડ્યો હતો. ગત રોજ કોંગ્રેસ ઉમેદવારી નોંધાવતાં પ્રમુખ–ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ખાતામાં મત પડતા ભગવો લહેરાયો હતો.



સંજેલી તાલુકો જ્યારથી અસ્તિત્વમાં આવ્યો છે. ત્યારથી ભાજપનું એકહથ્થુ સાશન યથાવત રહ્યું છે. વર્તમાન સમયમાં યોજાયેલ ચૂંટણીમાં ચારેકોર ભગવો લહેરાયો હતો. તેના ભાગરૂપે તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પક્રિયા હાથ ધરાઈ હતી. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં કોંગ્રેસે ફોર્મ ભર્યું હતું કોંગ્રેસ પાસે માત્ર ચાર મત હોવા છતાં દાવેદારી નોંધાવી હતી. જેના આધારે ચૂંટણી યોજાઈ હતી.

જેમાં ભાજપના ભુપેન્દ્રભાઈ સંગાડા પ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા હતા. ઉપપ્રમુખ પદે કમળાબેન બામણિયા ચૂંટાઈ આવ્યા હતા તાલુકા સભા ખંડમાં ફરજ પરના અધિકારીઓ દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી હતી.

જ્યારથી સંજેલી તાલુકો અસ્તિત્વમાં આવ્યો છે ત્યારથી કોંગ્રેસે સત્તાથી બેકફૂટ દૂર રહેવાનો સીલસીલો યથાવત રહ્યો છે. હાલમાં યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસને ૧૬ બેઠકો માંથી માત્ર ૪ બેઠકો પર વિજય મેળવ્યો હતો. ભાજપને ૧૨ બેઠકો મળતા સંજેલી તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો હતો. જેમાં પ્રમુખ ઉપપ્રમુખ સત્તાવાર રીતે જાહેરા કરાતા ભાજપના હોદ્દેદારો સમર્થકોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો. જેમાં તાલુકા ભાજપાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ફતેપુરાના આસપુરા ગામે ચુંટણીમાં હારી જતાં ફાયરીંગ કરી ભયનો માહોલ ઉભો કર્યો

દાહોદ,

ફતેપુરા તાલુકાના આસપુરા ગામે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હારી જતા ચાર જેટલા વ્યક્તિઓ એકના ઘરે ધસી આવી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઇ જઇ પોતાની સાથે લાવેલ બંદૂકમાંથી ફાયરિંગ કરતા આ વિસ્તારમાં ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો.

આસપુર ગામે રહેતા લાલસીંગ ભાઈ દેવાભાઈ, રવજીભાઈ વેલજીભાઈ, મનોજભાઈ રવજીભાઈ અને પ્રકાશ ભાઈ લાલસીંગભાઈ ચારે જાતે ચંદાણા ગત તારીખ ૧૫ મી માર્ચના રોજ પોતાના જ ગામમાં રહેતા વિરસીંગભાઈ દેવાભાઈ ચંદાણાના ઘરે હથિયારો સાથે આવી પહોંચ્યા હતા અને વિરજીભાઈ તથા તેમના પરિવારજનોને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, તું ભાજપનો એજન્ટ રહેલ તારા કારણે અમો હારી ગયેલ છે તું કેવો ગામમાં ફરે છે અમો તને જોઈ લઈશું તેમ કહી મનોજભાઈએ પોતાની સાથે લાવેલ બંદૂકમાંથી ફાયરિંગ કરતા એક ક્ષણે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ સંબંધને વિરસીંગભાઈ દેવાભાઈ ચંદાણાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના ઘાંચીવાડ વિસ્તારમાં બે વ્યક્તિ ગૌમાંસના જથ્થા સાથે ઝડપાયા

દાહોદ,

દાહોદ શહેરના મોટા ઘાંચીવાડ વિસ્તારમાં બે વ્યક્તિઓ ગૌ વંશનો ક્રૂરતાપૂર્વક કતલ કરી લાશને કોથળામાં ભરી પોતાના આર્થિક લાભના ઈરાદે મોટરસાયકલ પર સવાર થઈ આ ગૌમાંસનો જથ્થો લઈ પસાર થતાં પોલીસને જોઈ બંને વ્યક્તિઓ મોટરસાયકલ મૂકી સ્થળ પરથી નાશી જતાં પોલીસે રૂપિયા ૧૦૦૦૦નો ગૌમાંસનો જથ્થો તેમજ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૨૫ હજારનો મુદ્દામાલ કબજે કરી ફરાર થઈ ગયેલ બે વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદમાં મોટા ઘાંચીવાડ જુમ્મા મસ્જિદ ની પાસે રહેતો ડોકિલા મહંમદ જહુર તેમજ તેની સાથે મોટરસાયકલ ની પાછળ બેઠેલ બીજો એક વ્યક્તિ એમ આ બંને જણા ગતરોજ ૧૭મી માર્ચ મી માર્ચના રોજ ગૌવંશનું ક્રૂર રીતે કતલ કરી તેનું માસ વેચાણ કરવા પોતાના આર્થિક લાભ મેળવવાના ઈરાદે એક થેલામાં આશરે ૫૦–૫૦ કિલો જેટલું ગૌમાંસ ભરી મોટા ઘચી વાળા સ્મશાન રોડ ખાતેથી પસાર થઈ રહ્યા હતા આ દરમિયાન ત્યાંથી પસાર થઇ રહેલ પોલીસને તેઓની ઉપર શંકા જતા તેમનો પીછો કર્યો હતો અને આ જોઈ ઉપરોક્ત બંને વ્યક્તિઓ પોલીસને જોઈ સ્થળ પર જ ગૌમાંસ ભરેલા થેલા અને મોટરસાઈકલ મૂકી નાસી જતાં પોલીસે ૧૦ હજારની કિંમતનો ગૌમાંસ અને મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૨૫ હજારનો મુદ્દામાલ કબજે લઈ ઉપરોક્ત બંને વ્યકિતઓ વિરૂદ્ધ પશુ સુધારણા અધિનિયમ મુજબ ગુનો નોંધી દાહોદ શહેર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના મુવાલીયા ગામે હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટમાં રાહદારીનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના મુવાલીયા ગામે હાઈવે રોડ પર એક અજાણ્યા વાહનના ચાલકે એક રાહદારીને અડફેટમાં લેતા ગંભીર ઈજા ગ્રસ્ત રાહદારીનું ઘટનાસ્થળ પર જ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરમાં પરેલ વિસ્તારમાં ખંડા કોલોની વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય વિકાભાઈ મેળા આજરોજ દાહોદ તાલુકાના મોવિયા ગામે થી અમદાવાદ ઈન્દોર નેશનલ પર થી ચાલતા પસાર થઈ રહ્યા હતા. આ સમય દરમિયાન એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાની વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ વિકાભાઈ મેળા ને અડફેટમાં લેતા વિકાભાઈ મેડા ફંગોળાયા હતા અને જેને પગલે તેઓને શરીરે તેમ જ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા લોહીથી લથબથ હાલતમાં ઘટના સ્થળ પર જ તેનું કમકમાટીભર્યું મોત નીપજાવી ચાલક નાશી ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ સહિત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને મૃતકનો મૃતદેહ નો કબજો લઇ નજીકના દવાખાને પીએમ અર્થે ખસેડવાની તજવીજ પોલીસે હાથ ધરી છે અને અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરી છે.

# ગોધરા લો કોલેજના NSS વિભાગએ ધૈર્યરાજસિંહ માટે દાન એકઠું કરવાનું અભિયાન ચલાવ્યું

ગોધરા,

પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા સંચાલિત લો કોલેજ, ગોધરાના NSS વિભાગ હેઠળ માનવતા, કરૂણા અને સામાજિક જવાબદારીના ભાગરૂપે ગોધરા નજીકના નાનકડા ગામના એક ત્રણ માસના કુમળા બાળક ચિ. ધૈર્યરાજસિંહ કે જેઓ દુનિયાભરમાં જવલ્લેજ જોવા મળતી અતિ ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે. તેની સારવાર માટે અંદાજિત ૧૬ કરોડ રૂપિયાની જરૂરિયાત હોય આવા ફુલ સમાન નાના બાળ અને તેનાં સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા પરિવાર ઉપર આવી પડેલ આફતમાં આ બાળકની સારવાર અર્થે પરિવારને આર્થીક સહયોગ પૂરો પાડી



ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે દાન ભેગું કરવા માટે કોલેજ દ્વારા સળંગ બે દિવસનું અભિયાન ચલાવવામાં આવ્યું જેના અંતર્ગત કોલેજનાં આચાર્ય ડો. અપૂર્વ પાઠક સાહેબનાં માર્ગદર્શન હેઠળ કોલેજ ગજ્જ યુનિટનાં પ્રોગ્રામ ઓફિસર ડો. સતીશ નાગર, અધ્યાપક ડો. કૃપા જયસ્વાલના વડપણ હેઠળ સેવાભાવી વિદ્યાર્થીઓ દ્વારા સ્વ સહાય તેમજ ગોધરા નગરના જુદા–જુદા વિસ્તારોમાં જઈને જાહેર જનતા પાસેથી શ્રી ધૈર્યરાજસિંહ માટે ઉદાર હાથે ફંડ આપવા માટે અપીલ કરી, વિવિધ પ્રકારના બેનર્સ દ્વારા તથા જાહેર સ્થળો એ વ્યક્તિગત સંપર્ક કરી આ નાના બાળકના જીવને બચાવવા માટે સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આવા માનવતા સભર સેવાકીય કાર્યમાં ગોધરાના રહેવાસીઓએ સુંદર પ્રતિસાદ આપી સૌને આવકારી દિલથી યથાયોગ્ય સહાયદાન આપી માનવતા મહેકાવી હતી. દાનમાં આવેલ કુલ ફંડ કોલેજ દ્વારા શ્રી ધૈર્યરાજસિંહની સારવાર માટે ખાસ ઉભા કરાયેલ ખાતામાં જમા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અધ્યાપક ડો. અમિત મહેતા, કોલેજના બિન–શૈક્ષણિક સ્ટાફે પણ પૂર્ણ સહયોગ આપ્યો હતો.

# દાહોદમાં વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરાશે

દાહોદ,

દાહોદની સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રારએ એક યાદીમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૩ના ગુજરાત નાણાં ધીરધાર કરનારાઓ વિષયક અધિનિયમની જોગવાઇઓ મુજબ દાહોદ જિલ્લામાં નાણાં ધીરધારના પરવાના આપવામાં આવ્યા છે. આ પરવાનેદારો કૃષિ, ખેડૂત કલ્યાણ સહકાર વિભાગની સંબંધિત સુચનાઓ પ્રમાણે જો તારણવાળી લોન હોય તો વાર્ષિક ૧૨ ટકા અને તારણ વગરની લોન હોય તો વાર્ષિક ૧૫ ટકા લેખે વ્યાજ વસુલ કરી શકે છે. પરંતુ જરૂરિયાતમંદોની ગરજનો લાભ ઉઠાવી લાયસન્સ ધરાવતા અનેક વ્યાજખોરો નિર્ધારિત રકમ કરતા વધુ વ્યાજની વસૂલાત કરે છે.

જો કોઇ પરવાનેદાર શાહુકારો નિયત કરવામાં આવેલા વ્યાજ દર કરતાં વધુ વ્યાજ લઈ નાણાં ધીરતા હોય તો તેની રજુઆત કે ફરિયાદ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, દાહોદની કચેરી, રૂમ નં. ૨૨૧, બીજે માળે, જિલ્લા સેવાસદન, છાપરી, દાહોદની કચેરીમાં શાહુકારોના સહાયક નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રારને કરી શકાશે. આવા વ્યાજખોરો સામે કડક પગલા લેવામાં આવશે. આ માટે અત્રેની કચેરીના ટેલીફોન નં. ૦૨૬૭૩–૨૩૯૧૮૦ પર સંપર્ક કરી શકાશે.

# કોવીડ વેક્સિનની કોઇ આડઅસર નથી, વડીલો સત્વરે વેક્સિન લઇ લે : ના.મામલતદાર ચાર્મી ગુર્જર

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોવીડ વેક્સિનેશનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે વરિષ્ઠ નાગરિકો જેમની વય ૬૦ કે તેથી વધુ છે. ઉપરાંત ૪૫ કે તેથી વધુ ઉંમરના કોમોરબીડ વ્યક્તિઓએ સરકાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવી રહેલી કોવીડ વેક્સિનનો સત્વરે લાભ લઇ લેવો જોઇએ. તેમજ પરિવારના સભ્યોએ પણ તેમને વેક્સિન લેવા પ્રોત્સાહિત કરવા જોઇએ. જેથી વડીલો કે જેમને કોરોના થવાની સૌથી વધુ શક્યતાઓ છે, તેમજ કોરોના ગંભીર સ્વરૂપ લે તેવા કોમોરબીડ લોકોને સરકાર દ્વારા બીજા તબક્કામાં વેક્સિન અપાઇ રહી છે. જેથી તેમને કોરોના સામે વેક્સિનનું કવચ મળે.



જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ચાર્મી ગુર્જરે કોવીડ વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ કોવીડ વેક્સિનના મહત્વ તેમજ પોતાના અનુભવ વિશે જણાવતા કહે છે કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ વેક્સિનની કોઇ પણ આડઅસર નથી. આ બાબતે કોઇ અફવાઓ તરફ ધ્યાન ન આપવું. કોવીડ વેક્સિનના બંને ડોઝ નાગરિકોએ અવશ્ય લેવા.

તેમણે ઉમેર્યું કે, વેક્સિનેશનની કામગીરી ચાલી રહી છે. ત્યારે નાગરિકોએ કોરોના સંબધિત સૂચનાઓનું અવશ્ય પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવા નિયમોનું અચૂક પાલન કરવું જોઇએ. અને મેળાવડા તેમજ ભીડભાડથી દૂર રહેવું જોઇએ.

# કોવીડ વેક્સિનના બંને ડોઝ લેનારા ગરવર બાકલીયા કહે છે કે ઘરના ૬૦ કે તેથી વધુ વયના વડીલોને કોવીડ વેક્સિન અવશ્ય અપાવો

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોવીડ રસીકરણની કામગીરી જોશભેર ચાલી રહી છે. જિલ્લા તંત્ર દ્વારા ચાલી રહેલા રસીકરણ અભિયાનમાં નાગરિકોનો સહયોગ સાપડી રહ્યો છે. અત્યારે ૬૦ કે તેથી વધુ ઉંમરના વડીલોને રસીકરણ ચાલી રહ્યું છે ત્યારે જિલ્લાના વયોવૃદ્ધ નાગરિકો પણ આ અભિયાનમાં જોડાઇને કોવીડ વેક્સિન લઇ રહ્યાં છે. વેક્સિનેશન બાબતે એ વાતની ખાસ કાળજી રાખવાની છે કે વેક્સિનના બંને ડોઝ નિયત અંતરે લેવાના છે. આ અંગે કોવીડ વેક્સિનના બંને ડોઝ લેનાર કોરોના વોરિયર્સનો આજે અનુભવ જાણીશું.

જિલ્લા સેવા સદન ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવતા ગરવર બાકલીયાએ કોવીડ વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ જણાવે છે કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ વેક્સિનની કોઇ પણ આડઅસર નથી. આ અંગે ઘણી ખોટી અફવાઓ ચાલી રહી છે. જે તદ્દન ખોટી છે. દાહોદ જિલ્લાના



નાગરિકોને હું અપીલ કરૂ છું કે, તેઓ અભય થઇને કોવીડ વેક્સિન લે. તેમજ અત્યારના વેક્સિનેશનના બીજા તબક્કામાં ઘરના વડીલો જેમની ઉંમર ૬૦ કે તેથી વધુ હોય તેમને કોવીડ વેક્સિન અવશ્ય અપાવી જોઇએ.

જિલ્લામાં કોવીડ વેક્સિનેશન માટે યોગ્યતા ધરાવતા તમામ નાગરિકો સરકાર દ્વારા આપવામાં આવી રહેલી કોવીડ વેક્સિનનો અવશ્ય લાભ લેવો જોઇએ. કોવીડ વેક્સિન માન્ય ખાનગી દવાખાનાઓમાં પણ ઉપલબ્ધ છે. ત્યાંથી પણ નાગરિકો વેક્સિનનો લાભ લઇ શકે છે.

# બાંધકામ શ્રમિકોએ રાજ્ય સરકારની સહાય માટે ખૂટતી માહિતી ઓનલાઇન સબમીટ કરવી

દાહોદ,

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા ૬.૩૮ લાખ બાંધકામ શ્રમિકોને આવરી લઇને ગુજરાત મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ હેઠળ તેમના આધારલીંક બેંક ખાતામાં રૂા.૧૦૦૦ની સહાય PFMS દ્વારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે કરી છે. જેની યાદી બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

આ ઉપરાંત બાકી રહેલા નોંધાયેલ બાંધકામ શ્રમિકોની માહિતી (ડેટા ઇન–વેલીડ) અધુરી હોય જેમ કે આધાર નંબર ખોટો હોય, બેંકની વિગત અધૂરી હોય, બેંક આધાર લીંક ન હોય, બેંક ખાતુ બંધ હોય જેવા કારણોસર નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આર્થીક સહાય તેઓના બેંક ખાતામાં જમા થઇ શકી નથી. આમ જે નોંધાયેલ (લાલ બુક પરાવતા) બાંધકામ શ્રમિક આર્થીક સહાયથી વંચીત છે. તેવા બાંધકામ શ્રમિકો તેમની વિગતો બોર્ડના પોર્ટલ http://misbocwwb.gujarat.gov.in/registrationform પર રજૂ કરી શકાશે. બાંધકામ શ્રમિક પોતાની લાલ બુક–ઓળખપત્ર નંબરને આધારે રજીસ્ટ્રેશન ફોર્મ ભરી તેઓના ડેટા ઓનલાઇન સબમીટ કરાવે તે ઇચ્છનીય છે. બોર્ડ/NIC દ્વારા તેઓની વિગતો ચકાસી PFMS દ્વારા આર્થીક સહાયની ચૂકવણી નાગરિક પુરવઠા વિભાગ કરી શકશે. તો સત્વરે બાકી રહી ગયેલ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને તેમની વિગત તા.૩૧/૩/૨૦૨૧ પહેલા સબમીટ કરવા જાહેર વિનંતી છે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં તેમ દાહોદના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના જિલ્લા નિરીક્ષકએ એક યાદીમાં જણાવ્યું છે.

# લીમખેડા ખાતે મનોરોગી મહિલાની વ્હારે ૧૮૧ હેલ્પલાઈન આવી OSC ખાતે ખસેડાઈ



લીમખેડા,

લીમખેડા ખાતે થી એક ત્રાહિત વ્યકિત નો ૧૮૧મહિલા હેલ્પલાઇનમાં કોલ આવેલ કે એક અજાણી મહિલા અહીં મળી આવેલ છે. તેઓ ને મદદ કરવા જણાવતા દાહોદ અભયમ રેસ્કયુ ટીમ તાત્કાલિક પહોંચી મહિલા સાથે વાતચીત કરતા તે મનોરોગી હોય તેમ જણાઈ આવ્યું હતું. તેની સાથે પૂછપરછમાં તે મધ્ય પ્રદેશની હોય તેમ લગતા તેને ઓ.એસ.સી. દાહોદ ખાતે આશ્રય અપાવવામાં આવેલ છે.

અન્ય એક મહિલા પણ ગોધરા થી મળી આવેલ તેઓ પણ પોતાની વિગત આપી શક્યા ના હતા. જેથી તેઓને ગોધરા ઓ.એસ.સી.માં આશ્રય આપવામાં આવેલ છે. આ સાથેના ફોટોવાળા મહિલાની કોઈ ને જાણકારી મળે તો ઓ.એસ.સી અથવા અભયમનો સંપર્ક સાધવો જેથી તેના પરિવાર સુધી પહોંચાડી શકાય.

# ઘોઘંબાના ગુણેશીયા ગામે હત્યા કરાયેલ કેસ : બે હત્યારાઓને પોલીસે ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગુણેશીયા ગામે સીમમાં આવેલ કુવા માંથી ત્રણ થી ચાર દિવસ થી પડેલ પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહનો કબ્જો લઈ પોલીસે પી.એમ.અર્થે મોકલી આપતાં તિક્ષ્ણ હથિયાર થી હત્યા કરી કુવામાં ફેંકવામાં આવ્યો હતો. મૃતક વ્યક્તિનું પ્રેમ પ્રકરણમાં હત્યા થયાનું ખુલતો પોલીસે એ દિશામાં તપાસ હત્યાના ગુનામાં બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગુણેશીયા ગામની સીમમાં આવેલ અવારૂ કુવા માંથી ત્રણ–ચાર દિવસ પૂર્વે કુવામાં પડેલ મૃતદેહ અંગે દામાવાવ પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. પી.એમ. રિપોર્ટમાં કુવા માંથી મળેલ મૃતદેહ તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી ફેંકી દેવામાં આવ્યો હોય તેવું ખુલતાં દામાવાવ પોલીસ અને એલ.સી.બી. પોલીસે હત્યાના કારણોની દિશા તેમજ મૃતકની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી હતી. મૃતક સંજયભાઈ ઉર્ફે સંજુ ગંગારામ કશ્યપ રહે.બીરોધા તા.ધોલપુર, રાજસ્થાન હોવાની ઓળખ પડેલ હતી.



તેના પ્રેમ સંબંધ ગુણેશીયા ગામે રહેતા મહેશ દાદુભાઈ મેઘવાળની પત્ની પૂજાબેન સાથે હતા અને પૂજાને મળવા માટે ૨૫ ફેબ્રુઆરીના રોજ આવ્યો હોય આ બાબતની જાણ મહેશભાઈ મેઘવાળને થતાં તેના મિત્ર મહેશભાઈ ઉર્ફે બોળો ગોસાઈ સાથે મળીને કાવતરું રચ્યું હતુ અને સંજય ઉર્ફે સંજુ ગંગારામ કશ્યપને ગુણેશીયા બોલાવ્યો હતો. ૩ માર્ચના રોજ ખેતરમાં આવેલ છાપરા ઉપર લઈ ગયા હતા. અને મકાઈના પાકવાળા ખેતરમાં સંજય ઉર્ફે સંજુ કશ્યપને માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર મારી મોત નિપજાવ્યું હતું. ત્યારબાદ તેના સાગરીત મહેશ ઉર્ફે બોળો ગોસાઈ સંજયને ગળાના ભાગે નાયલોન પટ્ટી બાંધી ખેતર માંથી ઢસેડીને લઈ જઈ પુરાવાનો નાશ કરવા કુવામાં ફેંકી દીધેલ હોવાનું તપાસમાં ખુલવા પામ્યું. દામાવાવ પોલીસ અને એલસીબી પોલીસે હત્યાનો ગુનામાં બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

# પંચમહાલમાં મોરવા હડફ પેટાચૂંટણીને ધ્યાનમાં રાખી ૧૯૫૦ હેલ્પલાઈન કાર્યરત કરાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારીની એક અખબારીયાદીમાં જણાવ્યા અનુસાર ૧૨૫– મોરવા હડફ (અ.જ.જા) વિધાનસભા મતવિભાગની પેટાચૂંટણી દરમિયાન આદર્શ આચાર સંહિતાની અમલવારી કરવા તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા તેમજ એમ.સી.સી.ની ટીમોને ફરિયાદો મોકલવા હેતુ ભારતના ચૂંટણી પંચ દ્વારા ડિસ્ટ્રીકટ કોન્ટેકટ સેન્ટર DCC 1950 હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. અરજદારો દ્વારા C Vigil Application મારફતે કરવામાં આવતી ફરિયાદો તેમજ આદર્શ આચારસંહિતાની ફરિયાદો તથા ચૂંટણીલક્ષી તમામ પ્રકારની ફરિયાદોના નિવારણ અર્થે પંચમહાલમાં જિલ્લા કક્ષાનો ડિસ્ટ્રીકટ કોન્ટેકટ સેન્ટર DCC 1950 હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 175

